## ઝાલોદ ચોકડી થી લઈ મંદિર સુધી મોટા માથાઓના મકાન હોવાથી દબાણ હટાવ્યા વગર રોડ બનાવવાની તજવીજ

# ફતેપુરા ગ્રામ પંચાયતમાં ગ્રામસભામાં ભારે હોબાળો





( પ્રતિનિધિ ) ફતેપુરા ,તા.2
ફતેપુરા ગ્રામ પંચાયત વારંવાર કોઈને કોઈ કારણોસર વિવાદમાં રહે છે ત્યારે આજે બીજી ઓક્ટોબરના રોજ ગાંધી જયંતી નિમિત્તે સમગ્ર રાજ્યમાં ગ્રામસભા નું આયોજન કરવામાં આવ્યું હતું તે સંદર્ભે ફતેપુરા ગ્રામ પંચાયત ખાતે પણ ગ્રામસભા નું આયોજન જિલ્લા મેલેરીયા અધિકારીની અધ્યક્ષામાં કરવામાં આવી હતી ગ્રામસભામાં મોટી સંખ્યામાં ગ્રામજનો તેમજ ગ્રામ પંચાયતના સરપંચ તેમજ સભ્યો તથા તલાટી કમ મંત્રી હાજર રહ્યા હતા શરૂઆતમાં ગ્રામ પંચાયતના વિકાસના કામોની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી ફતેપુરા નગરના વિવિધ રસ્તાઓ બનાવવા ગટર બનાવી પીવાના પાણીની વ્યવસ્થા કરવી સાફ સફાઈની વ્યવસ્થા કરવી તેમ જ અન્ય વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી તેમજ ગ્રામ પંચાયતમાં નવીન બોડી બેઠી ત્યાંથી લઈ આજદિન સુધી કેટલા રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો કેટલી ગ્રાન્ટો આવી અને ક્યાં ક્યાં વાપરવા વાવી તેની પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી ગ્રામ પંચાયતના કામોને લઈ ગ્રામજનો દ્વારા હિસાબો પણ માંગવામાં આવ્યા હતા તો વિકાસના કામોના ઠરાવો પણ કરવામાં આવ્યા હતા . પરંતુ હાલ નવીન ઝાલોદ બાયપાસ ચોકડીથી લઈ ઉખરેલી રોડ સુધી આઈ.કે દેસાઈ હાઈસ્કૂલ સુધીના નવી રસ્તાનો કામકાજ ચાલી રહ્યું છે ત્યારે આ કામકાજમાં આવતા દબાણો દૂર કરવા માટે વિસંગતતા જોવા મળતા ભારે હોભાળો થયો હતો ફતેપુરા નગરનો મેન સીસી રોડ ફતેપુરા બાયપાસ ચોકડી થી લઈ ઉખરેલી આઈ કે દેસાઈ હાઈસ્કૂલ સુધી નવીન રસતો બનવા જઈ રહ્યો છે જેમાં બંને સાઇડ હાલ કામકાજ ચાલી રહ્યું છે આ વિસ્તારમાં આવતા દરેક દબાણો દૂર કરી દેવામાં પણ આવ્યા છે પરંતુ ફતેપુરા મંદિર થી લઈને ઝાલોદ ચોકડી સુધી મોટા પાયે દબાણ થયેલું જોવા મળી રહ્યું છે તેમજ આ રસ્તા ઉપર મોટા મોટા માથાઓના મકાનો તેમજ ઓફિસો આવેલી છે જેના કારણે ભારે નુકસાન થાય તેવી પરિસ્થિતિ સર્જાઈ રહી છે તેને ધ્યાનમાં રાખીને મોટામાં થાઓ પોતપોતાના ગજા પ્રમાણે હાથ લંબાવી કામમાં અવરોધ ઊભા કરવાના તજવીજ હાથ ધરી રહ્યા છે તેની જાણ ગ્રામ પંચાયતમાં થતા ભારે હોબાળો થવા પામ્યો હતો પરંતુ ગ્રામ સભામાં ફતેપુરા ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે જે પ્રમાણે રસ્તો મંજૂર કરવામાં આવ્યો છે તે પ્રમાણે જ રસ્તો બનશે તેમાં કોઈ પણ પ્રકારની બાંધછોડ કરવામાં આવશે નહીં તેવી ખાતરી આપી હતી પરંતુ જો તે પ્રમાણે કામ કરવામાં નહીં આવે તો રસ્તો બનાવવા ન દેવાની ગ્રામજનોની ચીમકી ઉચ્ચારી છે પરંતુ હકીકત એવી છે કે ફતેપુરા ગ્રામ પંચાયત વિસ્તારમાં ગામ બહાર કોઈ પણ પ્રકારની ટ્રાફિકની સમસ્યાઓ સર્જાતી નથી પરંતુ વારંવાર બજારની અંદર ટ્રાફિકની સમસ્યાઓ સર્જાય છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સહયોગ કો ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી દ્વારા ગાંધી જયંતી નિમિત્તે રક્તદાન કેમ્પ યોજાયો



દાહોદ : ધી સહયોગ કો ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી દાહોદ દ્વારા પૂજ્ય ગાંધીજીના જન્મદિન નિમિત્તે એક રક્તદાન કેમ્પનું આયોજન ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ન બ્લડ બેન્ક ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.સોસાયટીના ચેરમેન ગોપાલભાઈ ધાનકા ડિરેક્ટરો ચંદ્રકાંતાબેન ધાનકા પરાગભાઈ પટેલ સાબીર શેખ યાદવ જી નિધીશ ગાંધી યોગેન્દ્ર પાઠક દિવ્યાંગભાઈ ભટ્ટ તેમજ રેડ ક્રોસના રાજેશભાઈ ભટ્ટ જવારભાઈ શાહ એમ કે પરમાર તેમજ બ્લડ બેન્ક સ્ટાફ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો

### જિલ્લા ભાજપ કાર્યાલય, દાહોદમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મ જયંતિની ઉજવણી



દાહોદ : સત્ય,અહિંસા અને સદભાવનાના શાશ્વત આદર્શો થકી વિશ્વને શાંતિના માર્ગ દર્શાવનાર મહાત્મા ગાંધીજીના ફોટા ને જિલ્લા મહામંત્રીઓ અભિષેક મેડા,બાબુતસિંહ ચૌહાણ ,જિલ્લા કાર્યાલય મંત્રી હીરાલાલ સોલંકી તથા કાર્યાલય સ્ટાફ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરી જન્મ જયંતિ ની ઉજવણી કરાઈ.

### શ્રી ગોવિંદ ગુરુ યુનિ.ના સમાજકાર્ય વિભાગ દ્વારા ગાંધીજયંતિ નિમિત્તે ટુવામાં સફાઈ અભિયાન



ગોધરા : મહાત્મા ગાંધીજીની ૧૫૭મી જન્મ જયંતિ નિમિત્તે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, સ્વચ્છતા હી સેવા અંતર્ગત ગોધરા નજીક આવેલા ઐતિહાસિક સ્થળ ટુવા ખાતે સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાજકાર્ય વિભાગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ટુવા ખાતેના પૌરાણિક મહાદેવ મંદિર અને ગરમ પાણીના કુંડની આસપાસના પરિસરમાં સફાઈ કરી મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

### ઉ.બુ. આશ્રમશાળા મીરાખેડી ખાતે નશાબંધી સપ્તાહ ઉજવણીનો શુભારંભ



સુખસર : ભીલ સેવા મંડળ સંચાલિત ઉત્તર બુનિયાદી આશ્રમશાળા મીરાખેડી ખાતે મંડળના પ્રમુખ શાંતિભાઈ નીનામા ના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવ્યો.નશાબંધી અને આબકારી કચેરી દાહોદ અને શ્રી વનવાસી મહિલા વિકાસ મંડળ ચુંદડી ના સંયુક્ત ઉપક્રમે દાહોદ જિલ્લાનો નશાબંધી સપ્તાહ ઉજવણી કાર્યક્રમ ભીલ સેવા મંડળ દાહોદના પ્રમુખ શાંતિભાઈ નીનામા ના અધ્યક્ષ સ્થાને આશ્રમશાળા મીરાખેડી ખાતે શુભારંભ કરવામાં આવ્યો. આ પ્રસંગે જિલ્લા નશાબંધી અધિક્ષક જે .એચ.ચૌધરી તથા મધ્ય ગુજરાત અનુસૂચિત જાતિ કેળવણી મંડળ ના મંત્રી કિરણસિંહ ચાવડા અને મીરાખેડી ના પ્રથમ સરપંચ ભાનુબેન ની વિશેષ ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય થી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો. મીરાખેડી ના પૂર્વ સરપંચ રાકેશભાઈ, સમાજ સુરક્ષા અધિકારી આર. વી.ખાટા, નશાબંધી સબ ઈન્સ્પેક્ટર પી. એન. પરમાર, ભીલ સેવા મંડળ ના હિસાબનીશ કમલેશભાઈ ચૌહાણ, મીરાખેડી ના ડેપ્યુટી સરપંચ, શાળાના આચાર્ય ભાભોરજી,કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

## સત્ય, અહિંસા અને સ્વચ્છતાના પ્રેરક મૂલ્યોને આપણા જીવનમાં અનુસરવુ : મંત્રી

# "સ્વચ્છતા હિ સેવા" અંતર્ગત સુખસર ગ્રા. પં. ખાતે સામુહિક શ્રમદાન કાર્યક્રમ યોજાયો



( પ્રતિનિધિ ) સુખસર,તા.2
પૂજ્ય મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ નિમિત્તે દાહોદ જિલ્લાના સુખસર ગ્રામ પંચાયત ખાતે રાજ્ય મંત્રી રમેશ કટારા સહિતના અધિકારીઓએ સામુહિક શ્રમદાન કર્યું હતું.આ તકે રાજ્ય મંત્રી રમેશભાઈ કટારાએ જણાવ્યું હતું કે,પૂજ્ય મહાત્મા ગાંધીજીએ સ્વચ્છતાના ખૂબ જ આગ્રહી હતા.પૂજ્ય મહાત્મા ગાંધીજીના સ્વચ્છતા મંત્રને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જન જન સુધી પહોચાડવા માટે સ્વચ્છતા હિ સેવા અભિયાન શરૂ કર્યું છે.જેના પરિણામે સ્વચ્છતાએ જીવનનો નિત્યક્રમ બન્યો છે.પૂજ્ય ગાંધીજી આપેલા સત્ય,અહિંસા અને સ્વચ્છતાના પ્રેરક મૂલ્યોને આપણા જીવનમાં અનુસરીએ તેમજ અન્યોને પણ અનુસરવા પ્રેરણારૂપ બનીએ એજ ગાંધીજીને ખરી શ્રદ્ધાંજલિ છે. આ તકે તાલુકા પંચાયત પ્રમુખ,મામલતદાર,તાલુકા વિકાસ અધિકારી,અગ્રણી શંકરભાઇ અમલીયાર,તાલુકા પંચાયતના સભ્યો સહિત અધિકારીઓ,કર્મચારીઓ, નાગરિકોએ સામુહિક શ્રમદાન કરી સ્વચ્છતાનો સંદેશો પૂરો પાડ્યો હતો.

### હાલોલમાં જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ

( પ્રતિનિધિ ) હાલોલ,તા.2
પંચમ આસો નવરાત્રી-૨૦૨૬ દરમિયાન પાવાગઢ ખાતે આવતા યાત્રિકોને સુચારુ, સુરક્ષિત અને સુવિધાસભર વ્યવસ્થા મળી રહે તે હેતુથી હાલોલ પ્રાંત કચેરી ખાતે પંચમહાલ જિલ્લા કલેક્ટર અજય દહિયાની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન કલેક્ટરશ્રી દ્વારા નવરાત્રી તહેવાર દરમિયાન યાત્રિકોની સુરક્ષા અને સુવિધાને પ્રાધાન્ય આપતાં નીચે મુજબની વ્યવસ્થાઓ અંગે સૂચનાઓ અને આયોજન કરવામાં આવ્યું હતું: યાત્રિકોની સુરક્ષા માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવો, CCTV કેમેરાથી સતત મોનિટરિંગ કરવું તેમજ એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ્સ પર યોગ્ય વ્યવસ્થા જાળવવી.

## વર્ષો અગાઉ પ્રધાનમંત્રી સડક યોજના હેઠળ બનાવાયા હતાં

# કાળીયાના જાહેર માર્ગો બિસ્માર હાલતમાં, લોકોમાં ભારે આક્રોશ



( પ્રતિનિધિ ) સુખસર,તા.2
સુખસર તાલુકાના કાળીયા ગામે ઝાલોદથી સુખસર જતા મુખ્ય માર્ગ ઉપર ગોંદરા ફળિયાથી નીચાધરા સુધી દોઢ કિલોમીટરનો પ્રધાનમંત્રી સડક યોજના હેઠળ વર્ષ 2012માં દોઢેક કિલોમીટર જેટલા અંતરનો નવીન ડામર રોડ બનાવવામાં આવેલ હતો. આ રોડથી માધ્યમિક શાળામાં અવર-જવર કરવા માટે તથા ટેકરી ફળિયા સહિત નીચાધરા ફળિયાના લોકો અને વાહન ચાલકો તથા રાહદારીઓને અવર-જવર કરવા માટે ખૂબ જ ઉપયોગી માર્ગ છે.તેમજ આ માર્ગ ઉપરથી ડુંગર ફળિયા,ગોંદરા ફળિયા સહિત અન્ય ફળિયાના લોકોને સ્મશાન ઉપર જવા માટે આ એકમાત્ર રસ્તો છે.પરંતુ આ રસ્તો હાલમાં ઉબડ ખાબડ બિસ્માર હાલતમાં છે.તેમજ આ રસ્તા ઉપર લાંબા સમયથી ઝાડી ઝાંખરા અને ગાંડા બાવળ ફૂટી નીકળતા આ રસ્તા ઉપરથી વાહન લઈ નીકળતા વાહન ચાલકો સહિત રાહદારી લોકો શારીરિક બીજાઓના શિકાર બની રહ્યા છે.જ્યારે કાળીયા તળ ગામથી તળાવ ફળિયા થઈ નાની મોટી ઢઢેલી ને જોડતો એક કિલોમીટરનો રસ્તો વર્ષ 2019 માં પ્રધાનમંત્રી સડક યોજના હેઠળ બનાવવામાં આવેલ હતો.

### બોરીયાવી ગ્રામ પંચાયત ખાતે મહાત્મા ગાંધી જયંતીની ઉજવણી

ગોધરા : પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના બોરીયાવી ગ્રામ પંચાયત ખાતે બીજી ઓક્ટોબરે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગામના સરપંચ સવિતાબેન, તલાટી-કમ-મંત્રી શૈલેષભાઈ બામણીયા, ટેકનિકલ આસિસ્ટન્ટ કોમલ પગી, વોર્ડ સભ્યો, આંગણવાડી બહેનો તેમજ ગ્રામજનો અને આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પંચાયત પરિવાર અને ગ્રામજનોએ મહાત્મા ગાંધીજીના સત્ય, અહિંસા, સાદગી અને રાષ્ટ્ર નિર્માણમાં તેમના યોગદાનને યાદ કરી તેમને નમન કર્યા હતા. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ શપથ ગ્રહણ સમારોહ હતો, ઘર અને ગામમાં સંપૂર્ણ સ્વચ્છતા જાળવવા, પાણીનો બગાડ અટકાવવાની પ્રતિજ્ઞા લીધી હતી.

## દાહોદ જિલ્લાના દેવગઢ બારિયામાં STFનો દરોડો

# પાનમ નદીના પટમાંથી ૨ હિટાચી અને ૧૧ ડમ્પર સાથે રેતીનું ગેરકાયદે ખનન ઝડપાયું



( પ્રતિનિધિ ) દાહોદ,તા.2
દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા તાલુકા માંથી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે તંત્રનું લાલ આંખ કરતી એક મહત્વપૂર્ણ ઘટના સામે આવી છે. ઉચવાણ ગામે પાનમ નદીના પટમાં ચાલી રહેલા કથિત ગેરકાયદેસર રેતી ખનન પર સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF) ની ટીમે દરોડો પાડીને મોટી કાર્યવાહી - હાથ ધરી છે, જેનાથી સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે. ગેરકાયદેસર રેતી ખનન સામે - સપાટો બોલાવતા ટાસ્ક ફોર્સની ટીમે સ્થળ પરથી ૨ હિટાચી મશીન,૧૧ હાઈવા ડમ્પર સહિતનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. જપ્ત કરાયેલા આ તમામ વાહનો અને મશીનરીની કિંમત કરોડો રૂપિયા હોવાનું માનવામાં આવી રહ્યું છે. દરોડા બાદ તંત્ર દ્વારા પ્રાથમિક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે જપ્ત કરવામાં આવેલા બંને હિટાચી મશીનને સ્થાનિક ગ્રામ પંચાયતની સુપ્રત કરવામાં આવ્યા છે.૧૧ હાઈવા ડમ્પરોને પીપલોદ ખાતે ખસેડીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

STFના આ વિશાળ દરોડા બાદ વિસ્તારના રેતી ખનન સાથે સંકળાયેલા ભૂમાફિયાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. બીજી તરફ, લાંબા સમયથી ચાલી રહેલા આ ગેરકાયદેસર કારોબારને લઈને સ્થાનિક તંત્રની કામગીરી અને નિષ્ક્રિયતા સામે પણ અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે.

હવે સૌની નજર તપાસ પર મંડાયેલી છે કે આ કથિત ગેરકાયદેસર ખનન નેટવર્ક પાછળ કયા મોટા માથાનો હાથ છે અને આગામી દિવસોમાં જવાબદારો સામે તંત્ર દ્વારા શું કડક પગલાં ભરવામાં આવે છે.

### વણકર દિવસની પંકજ સોસાયટી ખાતે ભવ્ય ઉજવણી

દાહોદ : અખિલ ભારતીય વણકર સમાજ મહાસંઘ દ્વારા એક વણકર નેક વણકર જય વણકર ( પહેલી ) ઓક્ટોબર ૨૦૨૬ ન રોજ દાહોદ પંકજ સોસાયટી શ્રી કૃષ્ણ પ્રણામી સમાજવાડી ખાતે વણકર દિવસની ભવ્યતા ભવ્ય ઉજવણી દાહોદ ખાતે મધ્ય ગુજરાત ઝોન કક્ષાની ઉજવણી યોજવામાં આવી હતી. જેમાં પ્રસંગે સૌ પ્રથમ ડોક્ટર બાબા સાહેબ આંબેડકરજી ની પ્રતિમા ની દીપ પ્રાગટ્ય કરી પુષ્પમાલા અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ સન્માનિય મુખ્ય મહેમાનનો નું પુષ્પગુચ્છ અર્પણ કરી સાલ ઓડાઢીને - સ્વાગત કરાયું હતુ . વણકર દિવસ ની ઉજવણી વિષે માહિતી અપાઇ હતી અને સામાજિક, શૈક્ષણિક અને ધાર્મિક ક્ષેત્રે ઉમદા પ્રવૃત્તિ કરતા તેમજ પદમાનીત મહાનુભાવોનું સમાજ ગૌરવરત થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## આદિવાસી પૃષ્ઠભૂમિમાંથી વૈજ્ઞાનિક સંશોધન જેવા ક્ષેત્રમાં પહોંચ્યા તે ગૌરવની બાબત

# ફ્રાન્સની ઊર્જા સંશોધન બેઠક અંગે આઝાદભાઈ મકવાણાએ માહિતી આપી



( પ્રતિનિધિ ) સુખસર,તા.2
દાહોદ જિલ્લાના ગોવિંદગુરુ લીમડી તાલુકાના મુણધા ગામના વતની અને આદિવાસી સમાજના ગૌરવ સમાન આઝાદભાઈ મકવાણા વૈજ્ઞાનિક અને ઊર્જા સંશોધન ક્ષેત્રે પોતાની પ્રગતિશીલ કામગીરીથી પરિવાર,ગામ અને સમગ્ર આદિવાસી સમાજનું ગૌરવ વધારી રહ્યા છે.હાલ ફ્રાન્સમાં સાત દેશોની ભાગીદારી હેઠળ ચાલી રહેલી ઊર્જા સંશોધન સંબંધિત બેઠક અંગે આઝાદભાઈ મકવાણાએ વોટ્સએપ વીડિયો કોલ દ્વારા વાતચીત કરી અને ફ્રાન્સમાં ચાલી રહેલી સંશોધન પ્રવૃત્તિઓ અંગે માહિતી આપી હતી. આઝાદભાઈ મકવાણાનું મૂળ વતન ગોવિંદ ગુરુ લીંબડી તાલુકાના મુણધા ગામ છે.તેમના પરિવારની મહેનત અને સંઘર્ષની પૃષ્ઠભૂમિમાંથી આગળ વધીને તેમણે વૈજ્ઞાનિક ક્ષેત્રમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી છે.તેમના પરિવાર સાથે જોડાયેલા દાદા ભયલાલભાઈ મકવાણા અને દાદી દલીબેન,તેમજ સ્વ. રાણજીભાઈ અને માલતીબેનના પરિવાર સાથે જોડાયેલી આ પ્રગતિશીલ કાર્યગાથા આજે નવી પેઢી માટે પ્રેરણારૂપ બની રહી છે.

ગ્રામ્ય અને આદિવાસી પૃષ્ઠ ભૂમિ માંથી આગળ વધીને ઊર્જા તથા વૈજ્ઞાનિક સંશોધન જેવા ક્ષેત્રમાં કાર્ય કરવું એ સમગ્ર વિસ્તાર માટે ગૌરવની બાબત છે.મુણધા ગામથી શરૂ થયેલી આઝાદભાઈ મકવાણાની કાર્યયાત્રા આજે આંતરરાષ્ટ્રીય સ્તરની ઊર્જા સંશોધન પ્રવૃત્તિઓ સાથે જોડાયેલી જોવા મળે છે.આઝાદભાઈ મકવાણાની આ પ્રગતિથી તેમના પરિવારજનો, વતન મુણધા ગામ અને દાહોદ જિલ્લાના લોકોમાં ગૌરવની લાગણી જોવા મળી રહી છે.

## સાગડાપાડા ઉત્તર બુનિયાદી વિદ્યાલયનું ગૌરવ

# ગોળા ફેકમાં પ્રથમ અને કબડ્ડી દ્વિતય સ્થાન મેળવ્યું



( પ્રતિનિધિ ) સુખસર,તા.2
ખેલ મહાકુંભ 2026 અંતર્ગત યોજાયેલી અંડર-17 કબડ્ડી સ્પર્ધામાં શ્રી નવચેતન ઉત્તર બુનિયાદી વિદ્યાલય સાગડાપાડાની ટીમ શાળા કક્ષાએ તથા તાલુકા કક્ષાએ વિજેતા બની ગૌરવ પૂર્ણ સિદ્ધિ હંસલ કરી હોવાનું જાણવા મળે છે.વિદ્યાર્થી ખેલાડીઓએ પોતાની મહેનત શિસ્ત ટીમ વર્ક અને ઉત્કૃષ્ટ રમત ગમત કૌશલ્યના આધારે તાલુકા કક્ષાએ ગોળા ફેંકમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હોવાનું જાણવા મળે છે.જ્યારે કબડ્ડીમાં દ્વિતીય સ્થાને શ્રેષ્ઠ પ્રદર્શન કરી વિજય મેળવ્યો હોવાનું જાણવા મળે છે.આ સફળતા બદલ ટીમના કોચ દલપતસિંહ ડામોરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ હતું.સાથે જ શાળાના આચાર્ય સહિત સ્ટાફ અને શાળા પરિવાર દ્વારા ખેલાડીઓની આ સિદ્ધિને બિરદાવી હતી.

## ખંગેલા ચેકપોસ્ટ ખાતે વાહન ચેકિંગ દરમિયાન કતવારા પોલીસને મળી મોટી સફળતા

# પીકઅપ ડાલા ગાડીમાં લઈ જવાતો રૂા.૫.૬૦ લાખનો વિદેશી દારૂ પકડ્યો



( પ્રતિનિધિ ) દાહોદ,તા.2
કતવારા પોલીસ સ્ટેશનનો સ્ટાફ ગુજરાત અને એમપી બોર્ડર ઉપર ચેકિંગ કરી રહ્યા હતા. તે દરમિયાન મધ્યપ્રદેશ તરફથી એમપી પાસિંગની એમપી ૧૪ ઝેડજે -૯૨૦૯ નંબરની સફેદ કલરની પીકપ ડાલા ગાડીમાં લીલા મકાઈ ડોડા ભરેલી થેલીઓની આડમાં વિદેશી દારૂનો જંગી જથ્થો ભરી દાહોદ તરફ આવતી હોવાની ગુપ્ત બાતમી મળતા કતવારા પોલીસ સતર્ક બની હતી. અને બાતમીમાં દર્શાવેલ નંબરવાળી એમપી પાસીંગની સફેદ કલરની પીકપ ડાલા ગાડી નજીક આવતા જ પોલીસે તેને રોડની સાઈડમાં ઉભી રાખવાનો હાથથી ઈશારો કરી ઉભી રખાવી હતી. અને ત્યારબાદ પીકપ ડાલા ગાડીના ડાલામા તલાસી લઇ ગાડીમાં ભરેલ લીલા મકાઈ ડોડાની થેલીઓ હટાવી જોતા નીચે વિદેશી દારૂની પેટીઓનો મોટો જથ્થો નજરે પડતા પોલીસ ચોકી ઉઠી હતી. પોલીસે પીકઅપ ગાડીના ડાલામા ભરેલ લીલા મકાઈ ડોડાની થેલીઓની નીચેથી રૂપિયા ૫,૯૦,૫૯૮/- કુલ કિંમતની ભારતીય બનાવટના પરપ્રાંતીય વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની પેટીઓ નંગ-૧૦૧ માં ભરેલ વિદેશી દારૂની બોટલ તેમજ બીયર ટીન મળી કુલ નંગ-૩૨૬૪ પકડી પીકપ ડાલા ગાડીના ચાલક મધ્યપ્રદેશના મંદસોર જિલ્લાના ગરોડ તાલુકાના ખડાવદા ગામના રામનિવાસ રાગોપાલ ગેહલોત તથા રવિભાઈ હરિરામ ગેહલોત ની અટકાયત કરી તેઓ બંનેની અંગઝડતી લઈ રૂપિયા ૧૦,૦૦૦ /- ની કુલ કિંમતના બે મોબાઈલ ફોન પકડી પાડી સદર દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલ રૂપિયા પાંચ લાખની કિંમતની પોકપ ડાલા ગાડી મળી કુલ રૂપિયા ૧૦,૭૦,૫૯૮/- નો મુદ્દામાલ કબજે લીધો હતો.